# SHREE VASISHTHA VIDHYALAYA

**GUJARATI MEDIUM / BILINGUAL MEDIUM / ENGLISH MEDIUM (GSEB)**

**॥ सर्वे भवन्तु सुखिन: ॥**

પ્રતિ,

વહાલા વાલીશ્રીઓ,

સપ્રેમ નમસ્કાર!

મિત્રો, આજના આ આધુનિક અને દોડધામ ભર્યા યુગમાં, આપણે સૌ આપણા કામમાં એટલા વ્યસ્ત થઈ ગયા છીએ કે પરિવાર સાથે શાંતિથી વિતાવવા માટેનો સમય ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે. જેને પરિણામે આપણે સૌ એક જ છત નીચે રહીએ છીએ છતાં ક્યાંક ને ક્યાંક એકબીજાથી દૂર થઈ ગયા છીએ. એ વાત નકારી શકાય તેમ નથી. મોબાઈલની સ્ક્રીન અને જીવનની વ્યસ્તતાએ આપણા પરિવારનો મીઠો સંવાદ, સાંજના ભોજનની સંગત અને વડીલો સાથેની હૂંફ ક્યાંક છીનવી લીધી છે.

વર્ષોના શૈક્ષણિક અનુભવ પરથી એક વાત સ્પષ્ટ સમજાય છે કે બાળકના સર્વાંગી વિકાસનો પાયો શાળાના ક્લાસરૂમની સાથે-સાથે તેના ઘરના ખુશનુમા વાતાવરણમાં પણ નંખાય છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે માત્ર શાળાનું શિક્ષણ જ પૂરતું નથી પરંતુ ઘરમાં માતા-પિતા સાથે વિતાવેલો 'ક્વોલિટી ટાઈમ' (Quality Time) તેમના માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. બાળક જે ઘરમાં હાસ્ય, પ્રેમ અને એકતા જુએ છે તે બાળક આપોઆપ આત્મવિશ્વાસથી ખીલી ઊઠે છે.

આ જ અંતરને ઘટાડવા અને ઘરના વાતાવરણને ફરીથી જીવંત, સંસ્કારી અને આનંદમય બનાવવા માટે, શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ આજે એક અનોખા અને હૃદયસ્પર્શી પ્રોજેક્ટની શરૂઆત કરવા જઈ રહ્યું છે – જેનું નામ છે "પ્રસન્ન પરિવાર"!



## શું છે આ "પ્રસન્ન પરિવાર" પ્રોજેક્ટ?

આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ઘરમાં એક ખુશનુમા વાતાવરણ ઊભું કરવાનો અને રોજિંદા જીવનમાં માતા-પિતા તથા બાળકો એકબીજા સાથે વધુ સારી રીતે જોડાઈ શકે તેવો છે.

## આપણે શું કરવાનું છે?

આ પ્રોજેક્ટમાં કોઈ હોમવર્ક કે પરીક્ષા બિલકુલ નથી! આખા વર્ષ દરમિયાન, દર પખવાડિયે એટલે કે દર 15 દિવસે અમે તમને એક સાવ નાનકડી, મજાની અને પારિવારિક પ્રવૃત્તિ આપીશું. આખા વર્ષની કુલ 21 પ્રવૃત્તિઓ રહેશે.

જેમ કે... કોઈ એક દિવસ પરિવાર સાથે ટીવી કે મોબાઈલ બંધ રાખીને શાંતિથી જમવું, રવિવારે સાથે મળીને બાળપણની દેશી રમતો રમવી, કોઈ રાત્રે અગાસીમાં જઈને આકાશદર્શન કરવું, પરિવારના સભ્યોએ એકબીજાની માફી માંગીને 'સોરી ડે' ઉજવવો, કે પછી ડિજિટલ ડિટોક્સ એટલે કે 'નો સ્ક્રીન ડે' નું પાલન કરવું. છે ને એકદમ સરળ અને રસપ્રદ?

**અમારો હેતુ માત્ર એટલો જ છે કે અઠવાડિયાની થોડીક ક્ષણો એવી હોય જ્યાં ઓફિસનું ટેન્શન ન હોય, મોબાઈલનું નોટિફિકેશન ન હોય, માત્ર અને માત્ર 'મારો પરિવાર અને મારો આનંદ' હોય.**

આજે હું આપ સૌ વાલીમિત્રોને એક નમ્ર અપીલ કરું છું કે આ પ્રોજેક્ટને શાળાનું કોઈ 'ટાસ્ક' ન ગણતા, પણ તમારા પરિવારને ફરીથી એક તાંતણે જોડવાના એક 'ઉત્સવ' તરીકે વધાવી લેજો.

**બાળકોને અત્યારે મોંઘા રમકડાં કરતાં તમારા 'સમય' ની વધુ જરૂર છે.**

અમને પૂરો વિશ્વાસ છે કે આજથી એક વર્ષ પછી, જ્યારે આ 21 પ્રવૃત્તિઓ પૂર્ણ થશે, ત્યારે તમારા ઘરનું વાતાવરણ પહેલા કરતાં વધુ હકારાત્મક, વધુ પ્રેમાળ અને સાચા અર્થમાં 'પ્રસન્ન' બની ગયું હશે.

તો ચાલો, આપણે સૌ સાથે મળીને એક નવી શરૂઆત કરીએ અને આપણા ઘરને, આપણા આંગણાને એક સાચા અર્થમાં 'પ્રસન્ન પરિવાર' બનાવીએ.

*આભાર!*
*જય હિન્દ! વંદે માતરમ!"*

**ડૉ. પરેશભાઈ સવાણી**
**(એજ્યુકેશનલ એડવાઈઝર)**
**વસિષ્ઠ ગ્રુપ ઓફ સ્કૂલ્સ**